જન્મદિને વધામણી

ચેતનભાઈ પટેલ
અગ્રણી બિલ્ડર, ગાંધીનગર
મો. ૯૮૨૮૫૦ ૧૮૦૩૯

પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯

માયાબેન જે ચુડાસમા
મો. ૯૪૦૮૬ ૭૭૦૮૦

કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૫'નો આજથી પ્રારંભ

૨૦૦૭માં યુનિવર્સિટીની સ્થાપના પછી આ પહેલી વખત એવું બની રહ્યું છે કે યુનિવર્સિટી યુવક મહોત્સવનું આયોજન ગાંધીનગર શહેરની બહાર અને કડી શહેરમાં થઈ રહ્યું હોય

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની સૌપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વ વિદ્યાલયના બે દિવસીય યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૫'નો શુક્રવારથી આરંભ થઈ રહ્યો છે. અલબત્ત, આ યુવક મહોત્સવનું આયોજન ગાંધીનગર નહીં પરંતુ, સંસ્થાના કડી ખાતેના પરિસર ખાતે કરવામાં આવ્યું છે.

૨૦૦૭માં યુનિવર્સિટીની સ્થાપના પછી આ પહેલી વખત એવું બની રહ્યું છે કે યુનિવર્સિટી યુવક મહોત્સવનું આયોજન ગાંધીનગર શહેરની બહાર અને કડી શહેરમાં થઈ રહ્યું હોય.

'રિડ્યુસ, રિયુઝ અને રિસાઈકલ' થીમ પર આ વખતનો યુવક મહોત્સવ યોજાઈ રહ્યો છે. શુક્રવારે સવારે ૮ કલાકે વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક રેલીથી યુવક મહોત્સવનો આરંભ થશે. રેલીમાં ૩૩ કૉલેજના ૧૦૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦ જેટલા અધ્યાપકો જોડાશે. ભાઉપુરા તેજેશ્વર મંદિર સામે શાંતાબેન માણેકલાલ પ્રાથમિક શાળાથી આરંભ પામી વડવાળા હનુમાનજી મંદિર, ભાગ્યોદય હૉસ્પિટલ, ધરતી સિટી, સુજાતપુરા, વનવિભાગ કચેરી સામેના ગેટથી સર્વ વિદ્યાલય પરિસરમાં પહોંચશે. રેલી બાદ સંસ્થાના નવિન ઑડિટોરિયમ ખાતે આ યુવક મહોત્સવનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવશે. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, મંત્રીઓ, યુનિવર્સિટીના ડિરેક્ટર્સ, અન્ય પદાધિકારીઓ, કડી નગરના આગેવાનો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિમાં આયોજિત આ ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ અને વક્તા તરીકે જાણીતા કટારલેખક અને યુવા વક્તા જય વસાવડા ઉપસ્થિત રહેશે.

ડાન્સ, થિયેટર, સાહિત્ય, સંગીત અને ફાઈન આર્ટ્સ એમ મુખ્ય પાંચ વિભાગો અંતર્ગત કુલ ૨૪ જેટલી કલાઓની સ્પર્ધાઓ આ યુવક મહોત્સવ અંતર્ગત બે દિવસ સુધી યોજાશે, જેમના નિર્ણાયક તરીકે રાજ્યભરમાંથી ૫૦ જેટલા તજજ્ઞોને પણ કડી આવવા માટે નિમંત્રણો પાઠવી દેવામાં આવ્યાં છે.

તા. ૧૦ ઑક્ટોબર ને શનિવારે સાંજે ૪ કલાકે સંસ્થાના નવનિર્મિત આ જ ઑડિટોરિયમમાં યુવક મહોત્સવનો પૂર્ણાહુતિ સમારોહ યોજવામાં આવશે, જે અંતર્ગત વિવિધ સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવશે.

સંગત-૨૦૧૫માં સમાવિષ્ટ સ્પર્ધાઓ

ડાન્સ : ફોક/ટ્રાઈબલ ડાન્સ, ક્લાસિકલ ડાન્સ
થિયેટર : સ્કીટ, મિમિક્રી, મૂક અભિનય, એકપાત્રીય અભિનય
સાહિત્ય : વક્તૃત્વ, શીઘ્ર વક્તૃત્વ, પાદપૂર્તિ, કાવ્યપઠન, ડિબેટ, કવિઝ
સંગીત : ગ્રૂપ સોંગ-ઈન્ડિયન, લાઈટ વોકલ-ઈન્ડિયન,, ક્લાસિકલ ઈન્સ્ટ્રુમેન્ટલ (પર્કસન અને નૉન પર્કસન), ગ્રૂપ સોંગ-વેસ્ટર્ન, લાઈટ વોકલ-વેસ્ટર્ન
ફાઈન આર્ટ્સ : રંગોલી, પોસ્ટર મેકિંગ, કાર્ટૂનીંગ, ઑન ધ સ્પૉટ પેઈન્ટીંગ, કોલાજ, ક્લે મોડેલિંગ

કસ્તૂરબા સ્ત્રી અધ્યાપન મંદિર દ્વારા ગાંધી સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૮

કસ્તૂરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ, કોબા સંચાલિત કસ્તૂરબા સ્ત્રી અધ્યાપન મંદિર, કોબા દ્વારા ઑક્ટોબર માસના પ્રતમ સપ્તાહને ગાંધી સપ્તાહ તરીકે ઉજવવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા. બીજી ઑક્ટોબરના રોજ ગાંધીનગર ખાતે આયોજિત પીડ પરાઈ જાણે રે કાર્યક્રમ તથા વિધાનસભા પરિસરમાં પુષ્પાંજલિ કાર્યક્રમમાં સંસ્થાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

ઉપરાંત સંસ્થા ખાતે ગાંધી વિચારક મહેન્દ્રભાઈ પટેલનું વક્તવ્ય ગોઠવવામાં આવ્યું હતું. તા. ૩ ઑક્ટોબરના રોજ કોબા પ્રાથમિક શાળા તથા ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલી, સ્વચ્છતાના સૂત્રોચ્ચાર, સ્વચ્છતાનું નાટક, અભિનય ગીત, પર્યાવરણ અને વિજ્ઞાન તથા સ્વચ્છતા અભિયાનને લગતી ક્વિઝ, સ્વચ્છતા અંગે શપથ, ઈનામ વિતરણ, સમૂહ સફાઈ જેવા કાર્યક્રમો ગ્રામ પંચાયતના સરપંચ તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યા હતા. તા. ૭ ઑક્ટોબરના રોજ નશાબંધી અને આબકારી ખાતા દ્વારા સંસ્થામાં મહેંદી સ્પર્ધા અને ગાંધી ગીતોની સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં વિજેતા થનારાં વિદ્યાર્થીનીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત સંસ્થામાં ગાંધી જીવન ઝરમર પ્રસંગો, સમૂહ સફાઈ, રૂમ સુશોભન, ચિત્ર સ્પર્ધા તેમજ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા લેવાતી ગાંધી વિચાર મનન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રતિનિધિ દીપિકાબેનને સંસ્થાનાં આચાર્યા ડૉ. ગાયત્રીબેન, સમગ્ર સ્ટાફ તથા સંસ્થા પરિવાર વતી આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન, સંચાલન કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાત યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં સરકારી વિનયન કૉલેજ વેસ્ટર્ન વોકલમાં વિજયી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં નોર્થ ઝોન યુથ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ૧૪ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

ઍસવાયબીએમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધર્મેશ ઓમપ્રકાશ પંડ્યાએ વેસ્ટર્ન વોકલ સોલોમાં વિજેતા બની કૉલેજ તથા શહેરનું ગૌરવ વધાર્યું હતું. સ્પર્ધામાં કૉલેજના પૂર્વ વિદ્યાર્થી અને ગાંધીનગરના જાણીતા ગીટારગુરુ વિજ્યાસાગર સોલંકીએ ધર્મેશ પંડ્યાના સહાયક તરીકે સંગીત આપ્યું હતું.

વિજેતા વિદ્યાર્થીને કૉલેજના આચાર્ય ડૉ. યોગેશ યાદવ, ડૉ. મમતા બુચ, પ્રૉ. જોલી દેસાઈ, ડૉ. સુશીલા ખડાયતા, પ્રૉ. ક્રિષ્નાબેન તેમજ સમગ્ર કૉલેજ પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

અમિતાભ બચ્ચનના જન્મ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૮

હિન્દી ફિલ્મોના મહાનાયક તથા સુપરસ્ટાર ઑફ ધી મિલેનીયમ અમિતાભ બચ્ચનના આગામી જન્મ દિવસ નિમિત્તે આગામી શનિવારના રોજ ગાંધીનગર ખાતે 'અરે દિવાનો મુજે પહેચાનો' નામે એક વિશેષ કાર્યક્રમનું આયોજન અમિતાભપ્રેમી દ્વારા કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના ઍડવોકેટ દિલીપસિંહ એ બિહોલા દ્વારા આ આયોજન કરાયું છે. દિલીપસિંહ આ કાર્યક્રમની માહિતી આપતાં જણાવે છે કે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના મહાનાયક તેમજ દેશ-વિદેશમાં અખંડ લોકપ્રિયતા મેળવનાર ઉત્કૃષ્ટ અભિનેતા અમિતાભ બચ્ચન ૧૧ ઑક્ટોબરના રોજ પોતાની આયુના ૭૪મા વર્ષમાં પ્રવેશ કરશે.

૧૯૯૬થી દર વર્ષે અમે મુંબઈ જઈને અમિતાભને મળીએ છીએ અને તે બદલ ખૂબ ગર્વ અનુભવીએ છીએ. આ પ્રસંગની પ્રત્યક્ષ ક્ષણો વહેંચવા માટે 'અરે દિવાનો મુજે પહેચાનો' નામક કાર્યક્રમનું આયોજન આગામી તા. ૧૦ ઑક્ટોબરના રોજ બપોરે ૪ કલાકે ઈન્ફોસિટી કૉન્ફરન્સ હૉલ, ઈન્ફોસિટી ક્લબ ઍન્ડ રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું છે.

આકાશમાં ચાર દિવસ ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત નજારો

૯થી ૧૨ ઑક્ટોબર એમ ચાર દિવસ સુધી આકાશમાં ઉલ્કાઓ પડતી જોવા મળશે

ઉલ્કાનો વરસાદ થતો હોય એવાં દશ્યો જોવા મળશે : વહેલી સવાર જોવાનો ઉત્તમ સમય

દુનિયાભરમાં શુક્રવારથી ચાર દિવસ સુધી આકાશમાં ડ્રેકોનીક્સ ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત નજારો જોવા મળશે. સ્વચ્છ આકાશમાં કલાકમાં ૫૦થી ૫૦૦થી વધુ ઉલ્કાઓ પડતી જોવા મળશે. વિશ્વના ખગોળ-વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાંખી દીધો છે કારણ કે આકાશમાંથી રીતસર ઉલ્કાનો વરસાદ થવાનો છે.

ખગોળરસિયાઓને આ નજારો જોવા મળે એ માટે વિવિધ વિજ્ઞાન સંસ્થાઓ દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી છે. શુક્રવાર તા. ૯ ઑક્ટોબરથી સોમવાર તા. ૧૨ ઑક્ટોબર એમ ચાર દિવસ સુધી આકાશમાં ઉલ્કાઓ પડતી જોવા મળશે, જાણે ઉલ્કાનો વરસાદ થતો હોય એવાં દશ્યો જોવા મળશે. નવરાત્રી પહેલાં જ દિવાળી આવી ગઈ હોય એમ આકાશમાં ફટાકડા ફૂટતા હોય એવાં દશ્યો સર્જાશે.

ઉલ્કાવર્ષાનો મહત્તમ નજારો શનિવાર અને રવિવારે મોડી રાતથી જોવા મળશે અને તે નરી આંખે પણ જોઈ શકાશે.

ઉલ્લેખનીય છે કે ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦થી ૧૨ વખત અને વધુમાં વધુ પાંચ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતે પોતાના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણ કક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પદાર્થ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થ શેરડો છોડતો જાય છે. સાપેક્ષ વેગના કારણે આ ટૂકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલો હોય છે. વાતાવરણમાં રહેલા વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટૂકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબૉલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

ઉલ્કાનો નિહાળવા માટે મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટાભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કાવર્ષા જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાકિનારે તથા પર્વતીય, ખડકાળ, નિર્જન જગ્યાની પસંદગી કરી ત્યાં બે-ત્રણ દિવસ પડાવ નાંખે છે, ચારેય દિશામાં ખગોળરસિકો ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી જેવાં દશ્યો આકાશમાં દેખાય છે.

ઘણા લોકો સારી ગુણવત્તાના દૂરબિનથી પણ આ નજારો જુએ છે, જોઈ શકાય છે.

ઉલ્કા જ્યારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં રોજ પ્રવેશ કરે છે. પરંતુ, દિવસે સૂર્યપ્રકાશને કારણે તે જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુ થયો હોવાનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકથી પરીક્ષણ જરૂરી છે.

ઉલ્કાવર્ષા જોનારાને અચંબામાં નાંખી દેનારી હશે, પરંતુ તેની દિશા નક્કી નથી. હંમેશની જેમ ખગોળ તરફ જોનારે ધીરજ ધરવી પડશે.

ઉલ્લેકનીય છે કે આગામી બે માસ સુધી ઉલ્કાની મોસમ છે. ૧ નવેમ્બર આસપાસ ટોરીડસ ઉલ્કા તથા ૧૪થી ૨૦ નવેમ્બર સુધીમાં જોરદાર લીયોનીડ્‌સ ઉલ્કા જોવા મળશે. તેમાં પણ ૧૭મી નવેમ્બરે ઉલ્કાનો વરસાદ જોઈ શકાશે.

ભારત જન વિજ્ઞાન જાથાએ રાજ્યમાં ઉલ્કાવર્ષા નિદર્શન કાર્યક્રમ માટે અન્ય શહેરોની માફક ગાંધીનગર શહેરમાં પણ નિર્જન સ્થાને વ્યવસ્થા કરી છે. રસ ધરાવતા લોકો મોબાઈલ નંબર ૯૮૨૫૨ ૧૬૬૮૯ અથવા ૯૪૨૬૯ ૮૦૯૫૫નો સંપર્ક સાધી શકે છે.

(માહિતીસ્ત્રોત : ભારત જન વિજ્ઞાન જાથા અને નિસર્ગ સાયન્સ સેન્ટર)

શહેરી વિસ્તારોમાંથી ઉલ્કા જોઈ નહીં શકાય ઉલ્કા જોવા અંધારી જગ્યા પસંદ કરવી પડશે

ઉલ્કાવર્ષાનો નજારો જોવા માટે શહેર એ યોગ્ય સ્થાન નથી. કારણ કે શહેરની અંદર લાઈટનું રિફ્લેક્શન એટલું હોય છે કે ઉલ્કા જોઈ નહીં શકાય. અંધારી જગ્યાએથી તે જોઈ શકાય છે. અને હા, ઉલ્કાવર્ષા જોવા માટે કોઈ દૂરબિન કે સાધનની પણ જરૂર નથી, તે નરીઆંખે પણ જોઈ શકાશે. જરૂર માત્ર એટલી છે કે અંધારી જગ્યાએથી તેને જોવાનો પ્રયાસ કરવાનો છે.

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧
ઉડી ધ વૉક (હિન્દી)
૯.૦૦, ૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
તલવાર
૨.૩૦, ૮.૦૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૨
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૦
રૂદ્રમા દેવી (તેલુગુ)
૭.૦૦

સ્ક્રીન-૩
સિંઘ ઈઝ બ્લિંગ
૧.૦૫, ૭.૧૦
બાંકે કી ક્રેઝી બારાત
૪.૧૦

સ્ક્રીન-૪
જઝ્બા
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
૭.૧૫, ૧૦.૧૫

એમ બી પટેલ પ્રાથમિક શાળામાં નિબંધસ્પર્ધા

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાલામાં ધો. પથી ૮ની વિદ્યાર્થીનીઓ માટે 'સ્વચ્છ ભારત નિર્મળ ભારત, પ્રદૂષણ એક વૈશ્વિક સમસ્યા, આપણી નૈસર્ગિક સંપત્તિ અને તેનું જતન' વિષયે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધો. પમાંથી એશા ડી પટેલ, ધો. ૬માંથી વર્ષા એમ મોદી, ધો. ૭માંથી વિરલકુંવરબા જે વાઘેલા અને ધો. ૮માંથી પ્રિયા ડી ભાયાણી વિજયી બન્યાં હતાં. વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્યા નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાનું આયોજન મદદનીશ શિક્ષિકા ગીતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સરઢવ ખાતે નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૮

શ્રી અંબાજી માંડવી પ્રગતિ મંડળ, સરઢવ દ્વારા આગામી તા. ૧૩થી ૨૨ ઑક્ટોબર દરમ્યાન નવરાત્રી કાર્યક્રમની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ નવરાત્રી મહોત્સવના દાતા તરીકે ડાહ્યાભાઈ હરગોવનદાસ પટેલ, પ્રેમીલાબેન ચંદુભાઈ પટેલ, રમેશભાઈ નારણદાસ પટેલ, લીલાબેન બળદેવભાઈ પટેલ તથા ગોરધનભાઈ જેસીંગદાસ પટેલે પોતાનું સૌજન્ય આપ્યું છે.

માંડવી ચૉક ખાતે આયોજિત આ નવરાત્રી મહોત્સવ અંતર્ગત તા. ૧૩ ઑક્ટોબરના રોજ છગન ભાટી અને જાસ્મિન ગ્રૂપ, અમદાવાદ, તા. ૧૪ ઑક્ટોબરના રોજ ટીના દેસાઈ, જયશ્રી મેલડી મ્યુઝીકલ ગ્રૂપ, અમદાવાદ, તા. ૧૫ના રોજ ભૂપેન્દ્ર શાસ્ત્રી, અર્ચના શાસ્ત્રી, સ્મિતા તીરકર, અર્ચના મ્યુઝીકલ ગ્રૂપ, અમદાવાદ, તા. ૧૬ના રોજ સરલા દેવ, વિપુલસિંહ બિહોલા, દવે સુરાવલી ગ્રૂપ, ગાંધીનગર, તા. ૧૭ના રોજ વૈભવી દવે, ધીરજ બાણાવળી, વૈભવ મ્યુઝીકલ ગ્રૂપ, અમદાવાદ, તા. ૧૮ના રોજ પારૂલ બારોટ, સુરેશ બ્રહ્મભટ્ટ, કાવ્યા મ્યુઝીકલ ગ્રૂપ, અમદાવાદ, તા. ૧૯ના રોજ સોનુ ચારણ, દિલીપ મીર, સોનુ ચારણ ગ્રૂપ, પાટણ, તા. ૨૦ના રોજ અલ્પેશ દદું, પ્રિયંકા શુક્લા, ઓમકાર મ્યુઝીકલ ગ્રૂપ, મહેસાણા, તા. ૨૧ના રોજ ધનરાજ ગઢવી, સોનલ પટેલ, ડી જે ઓરકેસ્ટ્રા, સરઢવ અને તા. ૨૨ના રોજ કલ્પેશ કટારિયા, સેજલ સાધુ, કલ્પેશ કટારિયા ગ્રૂપ, ગાંધીનગર દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે.

શ્રી અંબાજી માંડવી પ્રગતિ મંડળ તથા સમસ્ત સરઢવ ગ્રામજનો તરફથી જગતજનની મા અંબાની આરાધનાના આ પર્વમાં સામેલ થવા સૌ માઈભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

હવેલી મંદિર ખાતે ૨૬ ઑક્ટોબરે શરદ પૂર્ણિમા ઉત્સવ

ગાંધીનગર, તા. ૮

આગામી તા. ૨૬ ઑક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત હવેલી મંદિર, સેક્ટર-૨૧ ખાતે શરદ પૂર્ણિમા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંજે ૭થી ૯ કલાક દરમ્યાન આયોજિત આ કાર્યક્રમમાં સામેલ થવા અંગેના પ્રવેશ પાસ તા. ૧૦ ઑક્ટોબરથી તા. ૨૩ ઑક્ટોબર સુધીમાં મેળવી લેવા સર્વ વૈષ્ણવોને સંસ્થાના પ્રમુખ રસીકભાઈ ગાંધી અને મંત્રી હર્ષદ ગાંધી દ્વારા જણાવવામાં આવ્યું છે.